e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 74
Oct. 20, 2006

# Wish you a very Happy Diwali

## Dy. Mayor & Municipal Councilor's visit to training on JNNURM Program



On 26th Sept. 2006 a training program for elected representatives on JNNURM was conduced at center of Good governance, Uttaranchal Academy of Administration, Nainital by National Institute of Urban Affairs on behalf of Ministry of Urban Development.

Click for more >>>>>

## કાર્ડ મેકીંગ તેમજ રંગોળી સ્પર્ધા



સુરત મહાનગરપાલિકા તરફથી તા.૧૫–૧૦–૨૦૦૬નાં રોજ કાર્ડ મેકીંગ સ્પર્ધા તથા તા.૧૬–૧૦–૨૦૦૬નાં રોજ રંગોળી સ્પર્ધા કોમ્યુનીટી હોલ, રૂસ્તમપુરા ખાતે યોજવામાં આવેલ. જેમાં પ્રથમવાર આયોજન કરેલ કાર્ડ મેકીંગ સ્પર્ધામાં કુલ ૧૦૬ સ્પર્ધકો તેમજ રંગોળી સ્પર્ધામાં કુલ ૧૨૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિજેતા થયેલ સ્પર્ધકોને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શીરોયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા તથા અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર આપીને અભિનંદનથી નવાજયા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## કાંકરા ખાડી પર અલથાણ અને બમરોલીને જોડતા પુલ તેમજ ડીંડોલી પાસે રેલ્વે કલ્વર્ટ નં.૪૩૬ ખાતે રોડ ઓવરબ્રીજ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા સાકારિત કાંકરા ખાડી પર રૂા.૮ કરોડના ખર્ચે નિર્મિત અલથાણ અને બમરોલીને જોડતા પુલની તેમજ અંદાજે રૂા.૯.૭૫ કરોડના ખર્ચે લોકાર્પણવિધિનો કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે તા.૧૭–૧૦–૨૦૦૬નાં રોજ મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે રાખવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## નૈનિતાલ ખાતે મા. ડે. મેયરશ્રી તેમજ ચૂંટાયેલ સદસ્યશ્રીઓની નૈનિતાલ ખાતે ટ્રેનીંગ



National institute Of Urban Affairs ધ્વારા નૈનિતાલ ખાતે તા. ૨૬–સપ્ટેમ્બર–૨૦૦૬ ના રોજ યોજાયેલ Training Programme for Elected Representatives on JNNURM માં ભાગ લેવા માટે ૮ રાજયોના ૧૭ શહેરોના મહારનગરપાલિકાઓના ચૂંટાયેલા મા.મેયરશ્રીઓ અને ડે.મેયરશ્રીઓને આમંત્રણ આપવામાં આવેલ જે અન્વયે નૈનિતાલ ખાતે JNNURM ની ટ્રેનીંગ પોગ્રામમાં અંદાજે ૨૫–પ્રતિનિધિઓ હાજર રહયા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## Dy. Mayor & Municipal Councilors visit to training on JNNURM Program

On 26th Sept. 2006 a training program for elected representatives on JNNURM was conduced at center of Good governance, Uttaranchal Academy of Administration, Nainital by National Institute of Urban Affairs on behalf of Ministry of Urban Development.

With a view to sensitizing elected representatives on various components of the mission with special emphasis on the reforms.

Thirty four representatives from 17 cities of 8 state were invited out of which 25 remained present. From Surat Dy. Mayor Dr. Sushmaben Agrawal and Standing Committee member Smt. Arunaben Desai attended the program.




Dr. Srikant Gupta, Director of NIUA giving reference of reforms of 74th amendment act of municipality, 1992 explained in detail the role of elected members in the development of infrastructure and basic amenities making use of JnNURM

Dy. Mayor also gave the brief presentation of various projects and work carried out by Surat Municipal Corporation after flood which was appreciated by every body.

TOP

# કાર્ડ મેકીંગ તેમજ રંગોળી સ્પર્ધા




સુરત મહાનગરપાલિકા તરફથી તા.૧૫–૧૦–૨૦૦૬નાં રોજ કાર્ડ મેકીંગ સ્પર્ધા તથા તા.૧૬–૧૦–૨૦૦૬નાં રોજ રંગોળી સ્પર્ધા કોમ્યુનીટી હોલ, રૂસ્તમપુરા ખાતે યોજવામાં આવેલ. જેમાં પ્રથમવાર આયોજન કરેલ કાર્ડ મેકીંગ સ્પર્ધામાં કુલ ૧૦૬ સ્પર્ધકો તેમજ રંગોળી સ્પર્ધામાં કુલ ૧૨૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિજેતા થયેલ સ્પર્ધકોને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શીરોયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા તથા અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર આપીને અભિનંદનથી નવાજયા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે કુ. મિતુ માલુ શુભાકરન, શ્રી રમણીક ઝપડીયા, શ્રી દિવ્યેશ બાગડાવાલાએ સેવા આપી હતી. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| કાર્ડ મેકીંગ સ્પર્ધા | | | |
|---|---|---|---|
| વિજેતા ક્રમ | અ–વિભાગ | બ–વિભાગ | ક–વિભાગ |
| પ્રથમ વિજેતા | અગ્રવાલ શ્રેયા | રેવાવાલા સ્નેહા આર. | પટેલ ભાવેશ ડી. |
| ધ્વિતીય વિજેતા | અગ્રવાલ પલક | ટાંક હરસુખ એમ | પુનમ જી. |
| તૃતિય વિજેતા | પોકિયા નિધિ હિમંતભાઈ | સારંગ સ્નેહા અશોકભાઈ | જી સાહેબ અક્ષિતા |
| આશ્વાસન ઈનામ | ગાંધી દેવલ આર. | રેવાવાલા રાજેષભાઈ | અનિલભાઈ ડી. પટેલ |
| આશ્વાસન ઈનામ | મેઘાણી ગાંધી વી. | રૂપાલી વિનાયક ઠાકોરભાઈ | પટેલ મીરાબેન જે. |

| રંગોળી સ્પર્ધા | | | |
|---|---|---|---|
| વિજેતા ક્રમ | અ–વિભાગ | બ–વિભાગ | ક–વિભાગ |
| પ્રથમ વિજેતા | ગાંધી દેવલ આર. | ટાંક હરસુખ એમ | અંજલી સાલુકે |
| ધ્વિતીય વિજેતા | દેસાઈ હિલોરી એસ. | રૂપાલી વિનાયક ઠાકોરભાઈ | અનિલભાઈ ડી. પટેલ |
| તૃતિય વિજેતા | જેઠવા મીત નયનભાઈ | પટેલ વિજય મહેન્દ્રભાઈ | મસાલાવાળા સીમા |
| આશ્વાસન ઈનામ | ગરુડ ગાયત્રી વિસાલભાઈ | શાહ મેઘા હર્ષદભાઈ | ગરૂડ વર્ષાબેન વિલાસભાઈ |
| આશ્વાસન ઈનામ | પટેલ કૃણાલ હિતેષભાઈ | સારંગ સ્નેહા અશોકભાઈ | જેઠવા જયોતિ એન. |
| આશ્વાસન ઈનામ | | | ભાવેશ પટેલ |
| આશ્વાસન ઈનામ | | | પટેલ મીરાબેન જે. |



રંગોળી સ્પર્ધામાં બનાવેલ રંગોળીનું પ્રદર્શન જાહેર જનતા માટે તા.૧૭–૧૨–૨૦૦૬ થી તા.૨૦–૧૦–૨૦૦૬ દરમ્યાન સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમ્યાન ખુલ્લુ રહેશે.

TOP

## કાંકરા ખાડી પર અલથાણ અને બમરોલીને જોડતા પુલ તેમજ ડીંડોલી પાસે રેલ્વે કલ્વર્ટ નં.૪૩૬ ખાતે રોડ ઓવરબ્રીજ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે લોકાર્પણવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાકારિત કાંકરા ખાડી પર રૂા.૮ કરોડના ખર્ચે નિર્મિત અલથાણ અને બમરોલીને જોડતા પુલની તેમજ અંદાજે રૂા.૯.૭૫ કરોડના ખર્ચે લોકાર્પણવિધિનો કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે તા.૧૭–૧૦–૨૦૦૬નાં રોજ મંગળવારે સવારે ૧૦.૦૦ કલાકે રાખવામાં આવેલ. લોકાર્પણવિધિ બાદ મુખ્ય સમારોહ ઈશ્વરપરા, નવાગામ–ડીંડોલી મેઈન રોડ, ન. પ્રા. શાળા નં.૨૪૬–૨૪૭ના કંમ્પાઉન્ડમાં, સુરત ખાતે મંચ પર બીરાજેલ મહાનુભાવોનું પ્રસંગોચિત સ્વાગત બાદ વેસુ એલ. આઈ. જી. આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવી અર્પણવિધિ, સરથાણા જકાતનાકાથી કામરેજ સુધીના ૭.૫ કિ.મી. ના સ્ટ્રીટ લાઈટનું લોકાર્પણવિધિ અને કાંકરાખાડી પરના પુલની ભાગીદારી પેટે સુડા ધ્વારા મા. મુખ્યમંત્રીશ્રીના હસ્તે મેયરશ્રીને રૂા.૪ કરોડના ચેકની અર્પણવિધિ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે મા. મુખ્યમંત્રીશ્રીએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે સુરતમાં પૂર આવ્યું ત્યારે આવી કપરી પળોમાં પણ ખભેખભા મિલાવીને સુરતના વિકાસ માટે કંઈક કરવાનો પ્રયાસ કર્યો છે, તેમજ પ્રજા તરીકે નું કર્તવ્ય નિભાવ્યું છે. તે માટે સુરતી મિજાજ અને લાગણીને બિરદાવી હતી. તેમજ પૂર વખતે નાગરિકો ધ્વારા સરકાર અને સુરત મહાનગરપાલિકાની કામગીરીમાં સક્રીય સહયોગ બદલ નાગરિકોનું ઋણ સ્વીકાર્યુ હતું. પૂર વખતના આફતગ્રસ્ત સમયમાં પૂરની નુકશાની સાથે સાથે રોગચાળાની ખોટી અફવાઓનો દોર ચાલ્યો હતો ત્યારે સુરતની જનતાએ ધૈર્ય, સત્ય પારખવાની શકિત બતાવી, પ્રજાશકિત ના સહયોગથી કેટલો વિકાસ થઈ શકે છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ સુરતની પ્રજા છે. સુરત શહેરમાં તટસ્થ ભાવે કામ કરનાર ઘણાં લોકો છે. સુરતમાં આવેલ પૂરનો ઈતિહાસ એ દર્શાવે છે કે સુરતમાં સમયાંતરે પૂર આવેલ છે. પરંતૂ સુરતની ધરતી અને પ્રજામાં એવુ તત્વ છે જે સુરતને આગળ વધવા માટે પ્રેરણા આપે છે. આફત અને મુશ્કેલીઓ ભૂલી જઈને આનંદમા રહેવુ એ સુરતની પ્રજાની ખાસીયત છે. સુરત શહેરમાં માળખાગત સુવિધાઓ ઉપરાંત ફલાય ઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ, સબ–વે પ્રજાને અર્પણ કરી ઝડપી પરિવહનની દિશામાં સુરત મહાનગરપાલિકાએ અન્ય શહરોને રાહ ચિંધ્યો છે. તાજેતરના પૂરના કારણે અસરગ્રસ્ત કા ઠાં વિસ્તારના રહેઠાણોને સ્થળાંતર કરી ૧૧૦૦૦ જેટલા મકાનો રૂા.૧૨૦ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન પણ કરેલ છે. આમ સુરતની સમસ્યના કાયમી ઉકેલ માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે.



સુચારિત યોજના સાથે રાજય સરકાર સુરત મહાનગરપાલિકા અને શહેરના નાગરિકો સાથે રાખી વિકાસ કરવાનો છે. શહેરી વિકાસની સાથે સાથે જીવનજીવવાની શૈલીમાં વિકાસ, આર્થિક વિકાસ માટે ગુજરાતમાં વિકાસ માટેની નવી ક્ષીતીજો ખુલી છે. ગુજરાતમાં ટેકનીકલ સ્કીલ પણ આધુનીક બને અને એન્જીનીયરીંગ સ્નાતક વિદ્યાર્થીઓમાં કૌશલ્ય કેળવવા માટે સાયબર ટેકનોલોજી અંતર્ગત "વંદે ગુજરાત ચેલન" સેટેલાઈટ સીસ્ટમ ધ્વારા ૩૦૦૦ વિદ્યાર્થીઓને ૪૦ જેટલી સંસ્થાઓમાં તાલીમ આપવામાં આવે છે.

આજ રોજ લોકાર્પિત થયેલ બન્ને પુલો થકી શહેરના પર્યાવરણમાં નોંધપાત્ર સુધારો તો થશે જ તેની સાથે સાથે વર્ષમાં થનાર ઈંધણની બચત ની સામે પુલો બનાવવાનો ખર્ચ સરભર થઈ રહેશે. અને લોકોના નાણાંની સાથે સમયની પણ બચત થશે. આ તબકકે મા. મુખ્યમંત્રીશ્રીએ સુરતના શહેરીજનોને દિવાળી અને નવાવર્ષની શુભેચ્છા પાઠવી પૂરમાં ખેલદિલીપૂર્વક કરેલ કામગીરીને બિરદાવી હતી.

આ પ્રસંગે પાણી પુરવઠા મંત્રી શ્રી નરોત્તમાભાઈ પટેલે મુખ્ય મહેમાનપદેથી જણાવ્યું હતું કે સુરત માં આવેલ કુદરતી પ્રકોપ વખતે સુરત શહેરને બેઠુ કરવા મા. મુખ્ય મંત્રીશ્રીએ જે પ્રયત્નો આદરેલ છે તે ખરેખર અભિનંદનીય છે. જેના ફળ સ્વરૂપે સુરત શહેરમાં જે રોગચાળો

ફાટી નિકળવાની સંભાવના હતી તેને ઉગતો જ ડામી દેવામાં રાજય સરકારશ્રીના અસરકારક માર્ગદર્શનને કારણે સુરત શહેર ખૂબ જ ઝડપથી પૂર્વવત સ્થિતિમાં આવેલ છે.

સુરત શહેરના પ્રથમ નાગરિક અને સમારંભના પ્રમુખ એવા મેયર ડો.કનુભાઈ માવાણીએ તેમના ઉદબોધનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા અલથાણ બમરોલી કાંકરાખાડી પર નિર્મિત પુલ તેમજ ડીંડોલી રેલ્વે ઓવરબ્રીજની લોકાર્પણવિધિ જેમના વરદહસ્તે થઈ છે તેવા વિકાસની હરણફાળ ભરી રહેલ ગુજરાતના લોકલાડીલા, માનનીય મુખ્ય મંત્રીશ્રીનરેન્દ્રભાઈ મોદીનું આ પ્રકલ્પો માટે સુરતનું નિમંત્રણ સ્વીકારી પધારવા માટે આભાર વ્યકત કરવા સાથે જણાવ્યું હતું કે તાજેતરના પૂરની આફતનો સૌ સુરતીઓએ નર્મદની શૌર્ય શૈલીથી સામનો કર્યો અને મા. મુખ્યમંત્રીશ્રીના કુશળ નેતૃત્વ અને સતત માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાએ આપ સૌના સાથ સહકાર અને સહયોગથી ખુબ જ ઝડપથી પૂર્વવત સ્થિતિ પ્રાપ્ત કરી તેના આપણે સૌ સાક્ષી છીએ.

સુરત મહાનગરપાલિકા શહેરને શ્રેષ્ઠતમ માળખાગત સુવિધાઓ અને નાગરિક સુવિધાઓ પૂરી પાડવા કટીબધ્ધ છે અને આયોજનબધ્ધ રીતે આવશ્યકતાને અનુરૂપ નિત નવા પ્રકલ્પો જનસમર્પિત કરી રહી છે. સુરત મહાનગરપાલિકાના તાજેતરમાં બે તબકકાના હદ વિસ્તૃતિકરણ બાદ લગભગ ત્રણ ગણો કાર્યવિસ્તાર ધરાવતું થયેલ સુરત વસ્તીની સાથે ધંધા–ઉદ્યોગ વિકાસની રીતે પણ મેગા સીટી બનવા તરફ પ્રયાણ કરી રહેલ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતના આ દરજ્જાને પહોંચી વળવા માટે પણ પર્યાપ્ત આયોજન કરેલ છે. કોઈ પણ મેગા સીટી માટે પરિવહન અને ટ્રાફીક તેમજ શુધ્ધ પર્યાવરણ પ્રાપ્તિ સૌથી મહત્વની સમસ્યા અને આવશ્યકતા પણ થઈ પડે છે. અને તે દિશામાં સુરત માટે નદી અને ખાડી પરના પૂલો, ભારે ટ્રાફીક ધરાવતા વિસ્તારોમાં ફલાયઓવર્સ, અને સબ વે બનાવવામાં આવેલ છે અને હજુ કેટલાક કાર્યો અયોજન હેઠળ છે જ.તે પૈકી આજ રોજ મા. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે લોકાર્પણ થયેલ અલથાણ–બમરોલી કાંકરા ખાડી પૂલ જે લગભગ રૂા.૮ કરોડના ખર્ચે નિર્માણ થયેલ છે. જેમાં સુડાના માઘ્યમથી રાજય સરકારશ્રીનું પણ ૫૦% યોગદાન છે તે પૂલ કાર્યરત થવાથી શહેરના દક્ષિણ પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારોના રહીશોને ઝડપી પરિવહન માટે અને પ્રદુષણ મુકિત માટે રાહતરૂપ થશે.

તેવી જ રીતે રોજ બ રોજના ટ્રાફીકથી પીડાતા ઉધના અને ડીંડોલી તેમજ આસપાસના વિસ્તારના રહીશો માટે અને ખાસ કરીને ચોમાસામાં ખૂબ જ સમસ્યારૂપ પરિવહનના કાયમી નિરાકરણ માટે આજ રોજ મા. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે રૂા.૯.૭૫ કરોડના ખર્ચે નિર્મિત રેલ્વે ઓવરબ્રીજનું લોકાર્પણ થયેલ છે. જે જનતાને ટ્રાફીક જામના અને પ્રદુષણના પ્રશ્નોમાંથી ચોકકસ મુકિત અપાવી સમયનો પણ બચાવ કરવામાં સહાયભૂત થશે તેવો વિશ્વાસ છે. આ તબકકે સુરત શહેરમાં પરિવહન અને ટ્રાફીક નિયમન માટે સુરત મહાનગરપાલિકાએ પૂર્ણ કરેલ પુલો, ફલાય ઓવર્સ, સબ–વે, રેલ્વે ઓવરબ્રીજ, ખાડી પરના પુલોની ઝાંખી કરાવી આગામી આયોજનોની વિગતો પણ તેમણે પૂરી પાડવા સાથે જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસ કાર્યોની જે હરણફાળ ભરેલ છે તે રાજયની જ નહીં પરંતુ રાષ્ટ્રની અન્ય સ્થાનિક સ્વરાજ માટે દાખલારૂપ છે.

ગુજરાત રાજયને દેશભરમાં વિકાસના પંથે અગ્રહરોળે મૂકનારા તેમજ વાઈબ્રન્ટ ગુજરાત તથા પ્રવાસન વર્ષ ઉજવણીના દ્રષ્ટા તેમજ પારદર્શક વહીવટના પ્રણેતા, માનનીય મુખ્ય મંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદી અને મહાનુભાવોનું સ્વાગત કરતાં મ્યુ. કમિશનરશ્રી પંકજ જોષીએ જણાવ્યું હતું કે ઓગષ્ટ ૨૦૦૬ના પુરની કુદરતી આપત્તિમાંથી ફીનીકસ પંખીની માફક સુરતે ગણત્રીના દિવસોમાં પૂર્વવત સ્થિતિ પુનઃસ્થાપિત કરી દીધી. જેમાં રાજય સરકારશ્રી, રાજયભરની વિવિધ સરકારી, અર્ધસરકારી કચેરીઓ, સ્વૈચ્છિક સંગઠનો અને સુરતના શહેરીજનોના સતત સહયોગ અને સામુહિક પ્રયત્નો અવિસ્મરણીય છે. સુરત આટલેથી અટકી ન જતાં તેની વણથંભી વિકાસકૂચની હરણફાળને વધુ વેગથી જારી રાખેલ છે.

સુરત મહાનગરપાલિકા શહેરને માળખાકીય તમામ પ્રકારની સુવિધાઓ શહેરીજનોને પૂરી પાડી વૈશ્વિક ધારાધોરણવાળુ વૈશ્વિક કક્ષાનું શહેર બનવા તરફ આગળ વધી રહયુ છે.પરંતુ સુરત શહેર ટ્રાફિકની ગીચતાના કારણો થતાં વિલંબ અને સામુહિક પરિવહનની સિમિત વ્યવસ્થાના કારણે અનુભવાતી અગવડોની સમસ્યાનો સામનો કરી રહયું છે. ત્યારે સુરત મહાનગરપાલિકાએ સમયની માંગ સાથે નવા નવા પુલો, ફલાયઓવર બ્રીજ, રેલવે ઓવરબ્રીજ, અંડરબ્રીજ તથા સબવે રોડ બનાવેલ છે. તેમજ આગામી સમયમાં બનાવવાના આયોજનો કરેલ છે. તેટલેથી અટકી ન જતાં સામુહિક પરિવહનની દિશામાં સારો અને ઝડપી યોગ્ય વિકલ્પ નજીકના ભવિષ્યમાં પૂરો પાડવાની દિશામાં પણ કાર્યશીલ છે.

આજે મા. મુખ્યમંત્રીશ્રના વરદહસ્તે લોકાર્પણ થયેલ રૂા.૮ કરોડના ખર્ચે નિર્મિત અલથાણ બમરોલી કાંકરા ખાડી પરનો પુલ જેમાં સુડા તરફથી કુલ ખર્ચના ૫૦% રકમ અંદાજીત રૂા.૪/– કરોડ જેટલી ફાળવણી રાજય સરકાર ધ્વારા મંજૂર થયેલ છે. જેની લંબાઈ ૩૯૦ મીટર અને પહોળાઈ ૧૫ મીટર છે. આ પુલ બે લેન અપ તથા બે લેન ડાઉન એમ કુલ ૪

લેન પહોળાઈનો છે. તે કાર્યાન્વિત થવાથી અલથાણ, ભટાર, ભરથાણા મગદલ્લા, તેમજ પાંડેસરા, બમરોલી, અને ઉધના વિસ્તારનું નોંધપાત્ર અંતર પરિવહન માટે ઘટશે. ટ્રાફીક સરળીકરણ અને સમયના બચાવ સાથે પ્રજાને સગવડ દાયક પરિણમશે.

ત્યાર પછી મા. મુખ્ય મંત્રીશ્રી ધ્વારા લોકાર્પણ કરવામાં આવનાર રૂા.૯.૭૫ કરોડના ખર્ચે નિર્મિત ડીંડોલી રેલ્વે ઓવરબ્રીજ જેમાં ૧૦મા નાણાં પંચ હેઠળ કેન્દ્ર સરકારશ્રી ધ્વારા રૂા.૩ કરોડ ૭૬ લાખનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. તેની પહોળાઈ ૭.૫ મીટર તમેજ લંબાઈ ૭૪૭ મીટર છે. તે કાર્યન્વિત થવાથી ઉધના અને લીંબાયત તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારની દૈનિક પરિવહન અને ટ્રાફીકની હાડમારીનો અંત લાવવા સાથે ચોમાસાની ઋતુમાં પાણીમાં ગરકાવ ગરનાળામાં પરિવહનમાં પડતી મુશ્કેલીનો અંત લાવવા સાથે પ્રદુષણમાંથી તેટલે અંશે મુકિત અપાવવા સાથે સમયનો બચાવ પણ થશે. જે વિસ્તારના પ્રજાજનો માટે આશીર્વાદરૂપ સાબીત થશે.

સાથે સાથે આજ રોજ મા. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે જેની પ્રતિકાત્મક ચાવી અર્પણ થનાર છે તેવા ૨૦ મુદ્દા કાર્યક્રમ અન્વયે સુડા ધ્વારા રૂા.૯ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ એલ.આઈ.જી.ના ૫૬૦ આવાસોની કામગીરી પૈકી ૧૮૨ આવાસોનું બાંધકામ પૂર્ણ કરી લાભાર્થીને સોંપાઈ ગયેલ છે. જયારે સંપન્ન થયેલ અન્ય ૧૧૨ આવાસોની સોંપણી લાભાર્થીઓને આજે થનાર છે. બાકીના ૨૬૬નું બાંધકામ ચાલુ વર્ષમાં પૂર્ણ કરી લાભાન્વિત કરવાનું આયોજન છે. તેમજ પાલ તથા વેસુ ખાતે અન્ય ૨૦૦૦ આવાસોનું આયોજન પણ હાથ ધરાયેલ છે.

તેવી જ રીતે મા. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે લોકાર્પણ થનાર કામરેજ સરથાણા રોડ સ્ટ્રીટ લાઈટ જે ૭.૪૧ કી.મી. લંબાઈ ધરાવે છે. જેમાં ૯૦% ફાળો લોક ભાગીદારી અને ૧૦% સુડાનો સહયોગ છે. તે રૂા.૭૭ લાખના ખર્ચે પૂર્ણ થયેલ છે. તદઉપરાંત ઉન જકાતનાકાથી સચિન જીઆઈડીસી સુધીની ૧૮ કી.મી. લંબાઈની સ્ટ્રીટ લાઈટની રૂા.૧૨ લાખનો ખર્ચ ધરાવતી કામગીરી પણ લોકભાગીદારીથી સુડા ધ્વારા પૂર્ણ થયેલ છે.

સુરત મહાનગરપાલિકાએ સુરત શહેરના સરળ અને ઝડપી ટ્રાફિક નિયમન માટે તેમજ પ્રદૂષણ મુકત બની સાટું પર્યાવરણ પ્રાપ્ત થાય તે માટે શહેરમાં જુદી જુદી જગ્યાએ ૪ જેટલા ફલાયઓવર બ્રીજ બનાવેલ છે. તેમજ હાલમાં અંદાજીત રૂા. ૨૫ કરોડના ખર્ચે મજૂરાગેટ તથા ઉધનાગેટ અને તેની વચ્ચેના જંકશનો પર ભારતનો પ્રથમ મલ્ટીલેયર બ્રીજ બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે. તેમજ ટૂંક સમયમાં કાંકરા ખાડી ઉપર અંદાજીત રૂા. ૭ કરોડના ખર્ચે ગાંધીકુટીર પાસે પુલ બનાવવાનું કામ, આંજણા પાસે રેલવે ગરનાળા ઉપર રૂા. ૧૫ કરોડના ખર્ચે સુચિત રોડ ઓવરબ્રીજ બનાવવાનું કામ, સૂર્યપુર ગરનાળા (રે.ક.નં. ૪૪૯) પર રૂા. ૧૧ કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રીજ બનાવવાનું કામ, ગુજરાત ગેસ સર્કલ પર રૂા. ૨૦ કરોડના ખર્ચે ફલાય ઓવરબ્રીજ બાંધવાનું કામ અને પારલે પોઈન્ટ જંકશન પર રૂા. ૩૨ કરોડના ખર્ચે ફલાય ઓવરબ્રીજ બાંધવાનું કામ જેવા નાના મોટા બ્રીજને લગતા વિવિધ જેટલા કામો કરવાનું તદઉપરાંત તાપી નદી – ત્રણ બ્રીજ ડભોલી–જહાંગીર પુરાને જોડતો પુલ, અઠવાલાઈન્સથી અડાજણને જોડતો કેબલ સ્ટ્રેઈડ બ્રીજ, તેમજ અમરોલી બ્રીજનું વિસ્તૃતિકરણનું આયોજન સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા અને સુડાના સંયુકત ઉપક્રમે લોકાર્પણ થયેલ ચારેય પ્રકલ્પોથી લાભાન્વિત શહેરીજનો અને આસપાસના રહીશો વધુ સુખાકારીનો અહેસાસ કરશે તેવી શ્રધ્ધા છે.

TOP

## નૈનિતાલ ખાતે મા. ડે. મેયરશ્રી તેમજ ચૂંટાયેલ સદસ્યશ્રીઓની નૈનિતાલ ખાતે ટ્રેનીંગ

National Institute Of Urban Affairs ધ્વારા નૈનિતાલ ખાતે તા. ૨૬–સપ્ટેમ્બર–૨૦૦૬ ના રોજ યોજાયેલ Training Programme for Elected Representatives on JNNURM માં ભાગ લેવા માટે ૮ રાજયોના ૧૭ શહેરોના મહારનગરપાલિકાઓના ચૂંટાયેલા મા.મેયરશ્રીઓ અને ડે.મેયરશ્રીઓને આમંત્રણ આપવામાં આવેલ જે અન્વયે નૈનિતાલ ખાતે JNNURM ની ટ્રેનીંગ પોગ્રામમાં અંદાજે ૨૫–પ્રતિનિધિઓ હાજર રહયા હતા. JNNURM ની ટ્રેનીંગ પોગ્રામમાં સુરત મહાનગરપાલિકાના (૧) શ્રીમતી સુષ્માબેન એસ. અગ્રવાલ – ડેપ્યુટી મેયર અને (૨) શ્રીમતી અરૂણાબેન બી. દેસાઈ – મ્યુ. સદસ્યરશ્રીએ ભાગ લીધો હતો.




આ ટ્રેનીંગ કાર્યક્રમ દરમ્યાન હું સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર તરીકે JNNURM કાર્યક્રમ માં સુરત મહાનગરપાલિકાની રૂપરેખા આપતી પ્રોજેકટ સીડી અને આંકડાકીય માહિતી અને ડેવલોપમેન્ટ પ્લાન પ્રોજેકટ વિગેરેની માહિતી આપી. આ કાર્યક્રમ અંતગર્ત કેન્દ્ર સરકારે રૂા. ૫૦,૦૦૦/– કરોડ શહેરોના વિકાસ માટે આપવાની કેન્દ્ર સરકારશ્રીએ યોજના બનાવી છે અને તે તબકકાવાર જે તે શહેરોના વિકાસના પ્રોજેકટો મુજબ ફાળવવામાં આવશે. તેમાં કેન્દ્ર સરકારનો ૫૦ ટકા હિસ્સો તથા રાજય સરકારોનો ૨૫ ટકા અને બાકી ૨૫ ટકા મહાનગરપાલિકાનો હિસ્સે હોય છે. આ કાર્યક્રમ અન્વયે દેશના ૬૩ શહેરોએ કેન્દ્ર સરકાર સમક્ષ રૂા. ૧૩,૦૦૦/– કરોડના પ્રોજેકટ મુકાયા હતા જેમાં આ યોજના અન્વયે સુરત મહાનગરપાલિકાએ સને ૨૦૦૬–૨૦૧૨ ના સિટી ડેવલપમેન્ટ પ્લાન હેઠળ રૂા. ૪૮૫–૪૨ કરોડના પ્રોજેકટસ બનાવ્યા છે જેમા સુરત મહાનગરપાલિકાએ પ્રથમ રૂા. ૮૬૭.૩૨ કરોડના પ્રોજેકટ રજૂ કર્યો હતો તેમાં ૨૯ ડીટેલ્ડ પ્રોજેકટ રિપોર્ટ સબમીટ કરવામાં આવેલ જેમાંથી કેન્દ્ર સરકારે ૨૫૦.૩૨ કરોડના ૧૦ પ્રોજેકટસને મંજુરી આપી દીધી છે.

આમ આ જવાહરલાલ નહેરુ અર્બન રિન્યુઅલ મિશન (JNNURM) ના ટ્રેનીંગ પોગ્રામમાં મહાનગરપાલિકાઓને શું ફાયદો થાય તેમજ મહાનગરોના વિકાસમાં ચૂંટાયેલા પ્રતિનિધિનો શું ફાળો હોય છે અને જે પ્રોજેકટસ મુકવામાં આવે તેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓનું પ્રતિનિધિત્વ રહેવું જોઈએ તેમજ શહેરી સુધારણા કાર્યક્રમો અન્વયે અને શહેરોના વિકાસની સાથે દેશના સામાજિક પરીવર્તનમાં નગરોની મહત્વપૂર્ણ ભૂમિકા છે. કેન્દ્રનો સૌથી મોટો ફાળો શહેરોનો છે. કેન્દ્ર સરકારને મોટા ભાગનો ટેક્ષ શહેરો ધ્વારા મળતો હોય છે. ઉત્પાદન અંગે મહત્વપૂર્ણ યોગદાન રહેતા દેશની ઉનતી થાય છે. ભારતદેશની સને ૨૦૦૧ ની સાલની વસ્તી ગણતરી મુજબ ૧૪.૧૨ ટકા શહેરો સ્લમ છે જેમાં મુળભૂત સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. શહેરી વિસ્તારોમાં આર્થિક અને સામાજિક અવ્યવસ્થામાં સુધારાઓ કરવા જરૂરી છે તથા શહેરી વિસ્તારોમાં વ્યાપક સુવિધાઓ મળે તે માટેની અનેક યોજનાઓથી શહેરોનો ઝડપી વિકાસ થાય તે માટે જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય શહેરી નવીકરણ મિશન ની રચના કરવામાં આવેલ છે.

TOP